# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૫૧

સલામી સવારની..

પ્રક્રિયાની કેદમાં છે ન્યાય, કાયદો હાથમાં લ્યો!
હવે ઊડી ગયો છે વિશ્વાસ, કાયદો હાથમાં લ્યો!
હથોડો ન્યાયનો હાથમાં લઇ લ્યો! છૂટકો નથી -
છો જોયા કરે, મીંઢુ ન્યાય તંત્ર, કાયદો હાથમાં લ્યો!
(પ્રજાની ન્યાયતંત્ર તરફ હતાશા)

હાઈકુ

ખેડૂતો હવે -
ફરી અણ્ણા જાગ્યા છે,
થાવ નિશ્ચિંત!!
(રાજયસભામાં પસાર નહીં થવા દઉં!)

રાજનીતિની
જાળમાં ફસાયા છે
આ માછીમારો!
(પકડે-ને છોડી મૂકે)

## ચિંતન

**'દેહીતિ' વચન શ્રુત્વા હૃદિભિસ્યાઃ પંચ દેવતાઃ ।**
**મુખાન્નિર્ગમ્ય ગચ્છન્તિ શ્રીહ્રીધી ધૃતિ કીર્તયઃ ॥**

માત્ર 'આપો' (ધો) એવો શબ્દ સાંભળવાની સાથે જ યાચકના હૃદયમાં પાંચ દેવો - લક્ષ્મી, લજ્જા, બુદ્ધિ, ધીરજ અને કીર્તિ, મુખ વાટે થઇને - નીકળીને ચાલ્યાં જાય છે.'

કોઇની પાસે કંઇ પણ માગવાથી આત્મગૌરવનું ખંડન થાય છે પણ ભલેને ઘરમાં કોઇની પાસેથી પાણીનો ગ્લાસ માગો કે મિત્ર પાસેથી લાખોની લોન માગવાની સાથે જ વ્યક્તિ વિના નીચો પડી જાય છે. માગેલી વસ્તુ મળે કે ન મળે એનું મહત્ત્વ નથી. 'યાચના' જ વ્યક્તિનું પતન કરાવે છે.

તમે જાતે જ અનુભવ્યું હશે યાચના કરવાની સાથે ચહેરાનું નૂર ઊડી જાય છે, જીભ થોથવાય છે, આત્મગૌરવનો નાશ થઇ ગમે તેવો મોટો માણસ પણ હીનતા અનુભવે છે.

જયાં સુધી હાથપગ ચાલતા હોય ત્યાં સુધી કોઇની પાસે કંઇ માંગવું નહીં - સ્વાશ્રય અને પરિશ્રમ એ જ જીવનનો પરમ મંત્ર છે.

યાચના કરવાથી - લક્ષ્મી - લજ્જા - બુદ્ધિ - ધીરજ અને કીર્તિનો નાશ થાય છે.

## સુવિચાર

- સવાલ પૂછનાર પાંચ મીનીટ માટે મૂર્ખ હોય છે.. પણ ન પૂછનાર જીંદગીભર મૂર્ખ રહે છે **- પંચતંત્ર**
- સમજુ વ્યક્તિને માફ કરાય પણ સમજવા ન માંગતી વ્યક્તિને માફ ન કરાય **- સુરેશ દલાલ**
- પ્રતિક્ષા કરતાં જેને આવડે છે તેણે તપ કરવાની જરૂર રહેતી નથી **- એસ. ભટ્ટાચાર્ય**
- માંગવા આવનારને ના પાડી દો એ 'ઇન્કાર' એને આપી દો એ 'સ્વીકાર' પણ બોલાવીને આપો એ 'સત્કાર' છે **- ધર્મસૂત્ર**
- યજ્ઞ બોજારૂપ લાગે તે યજ્ઞ નથી, ત્યાગ કરવાથી મન બેચેન થાય તે યજ્ઞ નથી **- અમૃતબિંદુ**
- કોઇની સલાહ પ્રમાણે ચાલવામાં જેટલું જોખમ છે, એટલું જ જોખમ કોઇને સલાહ આપવામાં છે **- જ્ઞાનસૂત્ર**
- પાંખ એ પક્ષીનું જીવન છે, મૂળ એ વૃક્ષનું જીવન છે, પેટ એ પશુનું જીવન છે. વિવેક એ માનવીનું જીવન છે **- જીનચંદ્ર**

**- (સંકલન : દીપક વી. આસરા)**

## બોધ કથા

જયાં સુધી સંસારિક મોહ માયા, સંબંધો સંપત્તિમાં જીવ હોય ત્યાં સુધી આધ્યાત્મિક પંથે પ્રગતિ થઇ શકતી નથી. 'ત્યાગ'માં સંપૂર્ણ 'વૈરાગ્ય' જરૂરી છે.

એક શિષ્ય પ્રૌઢ થયો છતાં અધ્યાત્મમાં પ્રગતિ થતી નથી. ગુરુએ તપાસ કરી તો ખબર પડી કે ગામડાંમાં એની એક વિધવા મા હતી અને અઢળક સંપત્તિવાન હતી-અવારનવાર મા એને ખેતી - આવક વગેરેનાં 'આંકડા' મોકલતી હતી. શિષ્યએ જાણી ખુશ-ખુશાલ રહેતો હતો.

એકવાર ગામડેથી સમાચાર આવ્યા કે તેનું ઘર, સંપત્તિ અને વૃદ્ધ માજી સંપૂર્ણ બળીને ખાખ થઇ ગયું છે. ગુરુજીની રજા લઇ ગામડે ગયો અને સર્વનાશ જોઇ બીજે જ દિવસે પરત આવ્યો. રડતો હતો, બીજા બધા શિષ્યોએ તેને આશ્વાસન આપ્યું. પછી ગુરુજી પાસે જઇને એણે વિગતવાર વાત કરી - રડ્યો.

ગુરુ કહે - આ રડવાનો પ્રસંગ નથી. આધ્યાત્મિક માર્ગે હવે તું પ્રયાણ અને પ્રગતિ કરી શકીશ તું મોહ-માયાથી હવે અલિપ્ત થયો છે.

Email - sureshchandrabhatt18@gmail.com

# રીંછ ક્યારેક માનવ વસાહતની નજીકમાં આવી ખેતરમાં ઘુસી જઇ શેરડી કે મકાઇ જેવા પાક પણ ખાઇ જતું હોવાનું ખેડૂતો પાસેથી સાંભળવા મળે, ખાસ કરીને સંવનન સમયે નર રીંછ માદાની શોધમાં ભટકતું હોય, માદા રીંછ તેના નાના બચ્ચાંને પીઠ પર બેસાડી ફરવા નીકળે એ દૃશ્ય નયનરમ્ય લાગે

## હરિયાળું હરણોદ્યાન

- નટવર હેડાઉ

બે દિવસ પહેલાં વર્તમાનપત્રોમાં સમાચાર હતા કે સર્વોચ્ચ અદાલત દ્વારા વન્ય પ્રાણીઓના જાહેર પ્રદર્શન પર પ્રતિબંધ લદાતા રીંછનો ખેલ કરાવનારા મદારીઓ પાસેથી ત્રણ રીંછને વન વિભાગ દ્વારા કબજે લેવામાં આવેલ છે.

એ ક્ષણ રીંછને આજે પ્રકૃતિ ઉદ્યાનમાં લાવવામાં આવ્યા હતા. અત્યાર સુધી તેને રાખનારાઓ પૈકી જે બે માણસો તેને લઈને આવ્યા હતા. તેના ગળામાં સાંકળો અને મોઢા પર ઘોડાને હોય છે તેવા ચામડાના ચોકડાં પહેરાવેલા હતા. નાક ને વીંધીને તેમાં જાડી દોરી પહોવી દીધેલી હતી. નથમાં પરોવેલી એ દોરીને સાંકળ સાથે બાંધી દેવામાં આવી હતી. જેથી રીંછ જો જરા પણ ખેંચવાનો પ્રયત્ન કરે તો તેને નાકમાં દુખાવો થતાં તે અટકી જાય. આ રીતે રીંછને કાબુમાં રાખીને તેની પાસે ખેલ કરાવવામાં આવે છે. તેમ તેની સાથે આવેલા માણસોએ કહ્યું. પાર્ક વોર્ડનની ઓફીસની બિલકુલ સામે આવેલ ગરમાળાના ઝાડના થડ સાથે જુદાં જુદાં ત્રણેને બાંધીને એ માણસો ઊભા રહ્યા. વનવિભાગના કર્મચારીઓ દ્વારા તેના કાગળો રજૂ કરતાં હવે અહીં જ રાખવામાં આવશે એ વાત નક્કી હતી.

પ્રકૃતિ ઉદ્યાનમાં રીછને રાખી શકાય તેવાં કોઈ પાંજરા બનાવેલ નથી. તેથી ક્યાં રાખીશું એ દ્વિધા ઊભી થઈ. છેવટે અમે નક્કી થયું કે સર્પગૃહની સામેના ભાગે ગોળ ાકારમાં બનાવેલ પાંજરા છે તેમાં હમણાં આ રીછોને રાખવા અને પછી કંઈક બીજી ચોક્કસ કાયમી વ્યવસ્થા ઊભી કરવી. આ વાત નક્કી થતાં પાંજરાની સાફસફાઈ શરૂ થઈ ગઈ હતી. ત્રણે રીંછને જુદા જુદાં પાંજરામાં રાખવાનું નક્કી થયું. તે અનુસાર ત્યાં લઈ ગયા. પાંજરાનો આકાર ગોળ હતો. તેમાં છ ભાગ કરેલા છે. વચ્ચેના ભાગે ઓરડી છે. તેમાંથી ગમે તે પાંજરામાં પ્રાણીને મોકલી શકાય તેવી વ્યવસ્થા માટે બારણાં મુકેલાં છે. એક પાંજરામાંથી બીજા પાંજરામાં પ્રાણીને ફેરવવું હોય તો પણ થઈ શકે છે. એ બધી બાબતોને ધ્યાનમાં લઈ રીંછને અહી રાખવાનું નક્કી થતાં તેની સાથે હતા એ માણસો અને પાર્કની એનિમલ કીપરો દ્વારા રીંછને પાંજરામાં મુકવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવી. પાંજરામાં મુકતા પહેલાં તેમનાં નાકમાં પરોવેલી જાડી દોરીની નથ કાપી તેમને મુક્ત કરાયાં સાંકળો પણ કાઢી નાંખવામાં આવી. રીંછ તે સમયે દયામણી નજરે અમારી સામે જોતાં હતા. વર્ષોથી બંધનાવસ્થામાં અને જરાક ખેંચાઇ જતાં દર્દનો અનુભવ કરતાં આ પ્રાણીઓએ રાહતનો શ્વાસ લીધો હોય એમ જણાતું હતું.

જંગલમાં વસતાં રીછને મધ બહુ પ્રિય હોય છે. ઉપરાંત તે ફળ, ફૂલ, કંદમૂળ અને નાનાં કીટકો ખાય છે. માંસાહાર તે ભાગ્યે જ કરે છે. તેને ઉધઇ પણ બહુ ભાવે છે. પણ બંધનાવસ્થામાં તેને શું ખોરાક અપાતો હશે તે બાબતે મેં તેની સાથે આવેલ મદારીઓને પુછ્યું તેમણે કહ્યું કે અમે તો લોકો પાસેથી માંગીને રોટલો કે ભાત અથવા ખીચડીમાં ઘાસ અને ક્યારેક દૂધ ભેળવીને રોટલાનો ભૂકો કરીને પલાળીને આપીએ છીએ. તેથી તાત્કાલિક તો અમે પર રીંછ માટે એ જ ખોરાક તૈયાર કરાવ્યો. એ દરમિયાન મેં જોયું તો પાંજરાના ખૂણાઓમાં કે ક્યાંક ટાઇલ્સની તીરાડ વચ્ચે મેં રાખી કંઈક ખેંચવાની રીછ કોશીષ કરતાં હતા. કદાચ એમાં એમને કીડી મંકોડા કે ઉધઇ હોવાની શકયતા લાગતી હશે.

ત્રણે રીંછને ખાવાનું આપતાં એક બરાબર ખાઇ શકતું હતું પણ બે રીંછોને ખાવામાં મુશ્કેલી પડતી હોય એવું મને લાગ્યું.

'આ રીંછો આવું કેમ કરે છે?' મેં પુછ્યું.

'તેમના દાંત નથી.'

'કેમ?' 'પાડી નાંખેલા છે.'

બપોરે અમે તેમના માટે મધ પણ મંગાવ્યું. મધ આપતાં તે ખુશખુશાલ થઇ ગયાં હોય એમ લાગતું હતું. જે તેમની આંખોમાં આવેલી ચમક પરથી અનુભવી શકાતું હતું. જે તેમની આંખોમાં આવેલી ચમક પરથી અનુભવી શકાતું હતું. તેને અત્યાર સુધી રાખતા માણસોને પુછતાં તેમને તો મને એમ કહેલું કે સાંકળેથી છૂટાં કરી દેતાં રીંછ તોફાન કરશે. કદાચ કોઇ ને કરડે પણ ખરાં! પણ એવું કંઇ થયું ન હતું. ત્રણે રીંછ ખુબ જ શાંત જણાતાં હતા. પાર્કના પશુ ચિકિત્સકે તપાસીને જણાવ્યું કે રીંછ મોટી ઉંમરનાં ઘરડાં છે. હાં એક માદા રીંછ નાની ઉંમરનું છે. આમ પણ જોતાં તે ખુબ સ્ફૂર્તિલું લાગતું હતુ. પુછતાં ખબર પડી કે તેનું નામ લલુડી છે.

બપોરે ચારેક વાગ્યે વનમંત્રી કાનજીભાઇ પટેલ ખાસ આ રીંછોને જોવા આવેલા. તેમને તેને મધ ખવડાવી મોઢું મીઠું કરાવ્યું. માણસો વચ્ચે જ બંધનાવસ્થામાં બાળપણથી રહેલાં આ રીંછો માટે મધનો સ્વાદ કદાચ તેમને આજે પહેલીવાર ચાખ્યો હોય એમ પણ બને. કાનજીભાઇ એ રીંછોને રાખવાની વ્યવસ્થા જોઇ રાજીપો વ્યક્ત કર્યો. નવાં પાંજરાઓ બનાવવા માટે મોટી રકમ ફાળવવાની પણ વાત થઇ. પરંતુ એક તબક્કે એમ પણ નક્કી થયું કે આ ત્રણ રીંછ પૈકી બેને જૂનાગઢ સક્કરબાગ ઝૂમાં મોકલવાં અને એકને અહીં રાખવું.

માદા રીંછ 'લલુડી' બધાંને ખુબ જ ગમી ગઇ હતી. તેનું પહોળું માથું, ત્રિકોળાકાર ચહેરો, નાળચા જેવું લાંબુ નાક અને મોઢું.' ઉપર નીચેનું જડબું ખુલ્લાં હોઠથી જોડાયેલું. છે. તેના ઉપરના હોઠ સ્વતંત્ર રીતે હચનચલન કરી શકે છે. તેના પગ જાડા અને મજબૂત છે. માણસ જેવા સપાટ પંજા પાછા સફેદ રંગના છે. આગળ અને પાછળના પગના પાંચ પાંચ આંગળા અને તેના નહોર સફેદ લાંબા અને મોટા હશે જે મદારીએ કાપી નાંખ્યા છે. પાંજરામાં પાણી ઢોળાયું છે તેમાં એ ચાલે છે અને સુકા ભાગમાં જાય છે. ત્યારે તેના પગલાંની છાપ જોતાં માણસના પગલાં જેવી જ લાગે છે. પુંછડી ટૂંકી અને નાની છે. જે તેના મોટા વાળમાં ભલી જતી હોવાથી પ્રથમ નજરે દેખાતી નથી. આખું શરીર લાંબ બચ્છટ સામાન્ય ભૂખરા કાળા વાળથી ઢંકાયેલું છે. છાતીના મધ્ય ભાગમાં અંગ્રેજી 'વી' જેવા સફેદ રંગના આકારના વાળની ગોઠવણ દેખાય છે. હાં, નાકની ઉપરના ભાગે અને મોઢાની આસપાસ વાળ ખૂબ જ ઓછા અને ટૂંકી છે.

એનિમલ કીપર અથવા આપણે કોઇ પીંજરાની નજીક જઈએ એટલે એ દોડી ને જાળી પાસે આવે છે. અને બે પગ ઊંચા કરી ઊભું રહી જાય છે. કદાચ મદારીએ વર્ષો સુધી તેની પાસે આવું કરાવ્યું હોઈ તે હવે આપમેળે કરે છે. બાકીના બે રીંછ જરા દૂર ખૂણામાં બેસી રહે છે. અથવા ઊંચા થઈ માથું હલાવ્યા કરે છે. ભારતમાં હિમાલયન બ્રાઉન બીયર, એશિયાટિક બ્લેક બીયર, સનબિયર અને સ્લોથ બીયર એમ ચાર જાતના રીંછ જોવા મળે છે. બ્રાઉન બીયર મોટામાં મોટું અને સનબીયર નાનામાં નાનું છે. સ્લોથ બીયર એટલે કે રીંછ હિમાલયના ઉચ્ચ પ્રદેશો, જમ્મુ અને કાશ્મીર તથા રાજસ્થાન કે ગુજરાતના સુકા રણ પ્રદેશમાં જોવા મળતું નથી. તે સિવાય સમગ્ર ભારતમાં તેનો વ્યાપ છે. આપણે ત્યાં ગુજરાતમાં જેસોર, બાલારામ, પોળો, રતનમહાલ, જાંબુઘોડા અને શૂલ પાણેશ્વરના જંગલ વિસ્તારોમાં જોવા મળે છે. આ બધાં પૂર્વ પટ્ટીનાં જંગલો ખડકાળ અને ડુંગરાળ છે. રીંછને પાણી પીવાનું સ્થળ લગભગ નિશ્ચિત હોય છે. મિશ્રાહારી ગણાતું રીંછ નિશાચર છે. તેથી જંગલમાં દિવસે ફરતું ભાગ્યે જ જોવા મળે છે. સૂર્યાસ્ત સમયે ગુફામાંથી બહાર નીકળી આખી રાત એકલું પાણી, ખોરાક અને અન્ય પ્રવૃત્તિઓ કરતું ફરતું રહે છે. વૃક્ષ પર સારી રીતે ચડી શકતું હોઈ ત્યાંથી ખોરાક મેળવે છે. તેમાં ફળ, ફૂલ, કુમળા પાન, મૂળ, છાલ, ઘાસ અને વનસ્પતિઓ તેને ભાવે છે. તેનું નાક ખુબ તેજ હોવાથી પાકેલા ફળની સુગંધ પરથી તે ફળવાયું ઝાડ શોધી લે છે. તાડના ઝાડ પર ચડી તાડી પી જતું હોવાના દાખલા પણ નોંધાયા છે. તેના આખા શરીર પર વાળ હોવાથી તે મધ ખાવા જાય છે ત્યારે મધમાખીઓ તેને કરડી શકતી નથી. ક્યારેક શિકાર કરીએ અને મળે તો મરેલા સડેલા પ્રાણીનું માંસ પણ ખાય છે. જમીનની નીચે લાંબા નહોર વડે ખોતરીને ઉધઇ કે કીડી મકોડા ખાતું હોય છે. રીંછને ભુખ ન હોય તો આળસુની જેમ પડ્યું રહે છે પણ ભૂખ લાગી હોય તો ખોરાકની શોધમાં લાંબા અંતર સુધી ફરે છે. રીંછ પાણીમાં સારી રીતે તરી પણ શકે છે.

રીંછ ક્યારેક માનવ વસાહતની નજીકમાં આવી ખેતરમાં ઘુસી જઈ શેરડી કે મકાઇ જેવા પાક પણ ખાઈ જતું હોવાનું ખેડૂતો પાસેથી સાંભળવા મળે. ખાસ કરીને સંવનન સમયે નર રીંછ માદાની શોધમાં ભટકતું હોય, માદા રીંછ તેના નાના બચ્ચાંને પીઠ પર બેસાડી ફરવા નીકળે એ દૃશ્ય નયનરમ્ય લાગે.

અગાઉ રીંછના ખેલ કરવા માટે તને મોટા પ્રમાણમાં પકડવામાં આવતાં હતા. રીંછના દાંત, નખ અને લીવર જેવા અંગોનો ગેરકાયદેસર વેપાર થાય છે. ઉપરાંત તેમના રહેઠાણ લાયક ગીચ જંગલો ઘટી ગયા હોવાથી રીંછનું અસ્તિત્વ જોખમમાં મુકાઇ જતાં તેને બંધનાવસ્થામાં રાખીને કષ્ટ અપાતું હોઇ કાયદા દ્વારા હવે તેને પૂરતું રક્ષણ અપાઇ રહ્યું છે અને ખેલ પર પણ પ્રતિબંધ આવી રહ્યો છે.

બીજે દિવસે સવારે હું પ્રકૃતિ ઉદ્યાનમાં આવ્યો ત્યારે દરવાજા પાસે મદારી જેવા લાગતા પહેરવેશવાળાં બે પુરુષો, એક સ્ત્રી અને ત્રણ બાળકો બેઠાં હતા. બાળકોનાં કપડાં મેલાઘેલાં અને ફાટેલાં હતા. વાળ વીખરાયેલાં અને ચહેરા પરથી રોઇ રોઇને માંડ શાંત થયાં હોય એવાં લાગતાં હતા. મને જોતાં જ એ બધાં ઊભાં થઇ ગયા.

'કોણ છો તમે? અહીં કેમ બેઠાં છો?' 'અમારે રીંછ જોવાં છે.' 'કેમ?'

પકડીને જેને અહીં લાવ્યાં છે એ રીંછ અમારા હતા. આ છોકરાઓ સાથે ખુબ જ હળમળી ગયેલાં. સાથે સ્ત્રી હતી તેણે કહ્યું.

'સાહેબ, છોકરાં આખી રાત સુતાં નથી. રીંછને યાદ કરી કરીને રડતાં હતા, તેથી તેમને બતાવવા માટે લઈ આવ્યા છીએ.'

'તો બતાવો ને'

'પાંજરાવાળા માણસો એ અમને કાઢી મુક્યા. તેમને એમ થયું હશે કે અમે રીંછને છોડાવવા આવ્યા છીએ.'

'મારી 'લલુડી' કહેતાં એક છોકરાએ ભેંકડો તાંણ્યો.

'સારું... સારું... તમે અંદર આવો. હું માણસોને કહી દઉં છું. પણ દૂરથી જોજો.'

'ભલે ...' કહેતાં એ પાંજરા તરફ ચાલવા લાગ્યા. મેં એનિમલ કીપરને સૂચના આપી. નાના બાળકોની લાગણને સમજીને તેમને પાંજરા પાસે દૂર ઊભા રહી રીંછને જોવા દેજો.

મેં જોયું તો રીંછોને જોઇ બાળકોના ચહેરા ખીલી ગયા હતા.

# હાસ્યની છોળોમાં આપત્તિના પહાડો વચ્ચે સતત ખિલતો રહેતો જય છનીયારા

## મોંઘેરા મોતી

- નટવર આહલપરા


● કદમ અસ્થિર હો એને રસ્તો જડતો નથી;
અડગ મનના મુસાફરને હિમાલય નડતો નથી

ઉપરોક્ત સુભાષિત વિદ્યાર્થીઓ તો માત્ર પરીક્ષામાં ઉત્તિર્ણ થવા લખતાં હોય છે પણ જય છનીયારાએ તો પોતાના જીવનમાં ઉતારી સુભાષિતના મર્મને સાર્થક કર્યો છે. જયને સાવ નજીકથી મળીએ તે પહેલાં આપણા હાસ્યક્ષેત્રનાં પૂર્વ સૂર્યોનું સ્મરણ કરીએ. જયોતીન્દ્ર દવે, ધનસુલલાલ મહેતા, રમણભાઇ નીલકંઠ, બકુલ ત્રિપાઠી વ. ના સૂક્ષ્મ હાસ્ય આજે પણ મને, તમને તંદુરસ્ત રીતે જીવાડે છે.

આજે રતિલાલ બોરીસાગર, અશોક દવે, મધુસૂદન પારેખ - પ્રિયદર્શી જેવા હાસ્ય લેખકો અને સાંઇરામ દવે, ધીરુભાઇ સરવૈયા વ. હાસ્ય કલાકારો વચ્ચે જય પણ ક્ષણેક્ષણે ખિલે છે અને હાસ્યની છોળો ઉડાડી ભાવકોને ખિલવતો રહ્યો છે.

તા. ૦૩-૧૦-૨૦૧૪ના રોજ રાજકોટ પ્રમુખ સ્વામી સભાગૃહમાં ફૂલછાબનો કલા એવોર્ડ મોરારી બાપુના હસ્તે પ્રાપ્ત કર્યા બાદ જયે પોતાની લાક્ષણિક હળવી શૈલીમાં જણાવ્યું હતું કે, 'મને આજે ત્રણ એવોર્ડ મળ્યા છે. એક મોરારિ બાપુના હસ્તે, મારા દાદાની ઉંમરના અખબાર ફૂલછાબે મારી પીઠ થાબડીને અને ત્રીજો એવોર્ડ મારા દર્શકો અને શ્રોતાના પ્રેમનો મળ્યો છે.'

જો કે મને પણ કોઇ સ્નેહમિલન, ક્રિકેટ ટુર્નામેન્ટમાં સંચાલન કરતાં જયને પ્રસ્તુત કરવાનો આનંદ મળ્યો છે. અને હસવાનું પણ મળ્યું છે. ૧૬૦૦થી વધારે કોમેડી શો અને ૧૬૦ થી વધુ એવોર્ડ્સ મેળવનાર જયનો આજે માત્ર ૨૦ વર્ષની વયે જય જયકાર થઇ રહ્યો છે. પણ આ જય જયકાર પાછળ ગહન કથા સમાયેલી છે.



૧૯૯૩માં જયનો રાજકોટ ખાતે જન્મ થયો હતો પણ માતાપિતા ઉપર ક્ષણભર તો આપત્તિના પહાડો તૂટી પડ્યાં. જન્મથી જ સેરેબ્રલ પાલસી નામના રોગે જયને જકડી લીધો. આ રોગ એવો છે કે શરીર ૮૦ ટકા ખોટું પડી જાય છે.

માતા હીનાબહેન અને પિતા દીપકભાઇની સામે પ્રશ્ન ખડો થયો. હવે શું? હવે શું થશે? પણ જયની પાછળ જયને પોઝીટીંગ બુસ્ટીંગ, સુપર મોટીવેશન કરતા મેં હીનાબહેનને અને દીપકભાઇને જોયા છે. અને અત્યારે મને પણ જુસ્સો આવે છે કે,

● જો ચટ્ટાનો સે ટકરાયે ઉસે તુફાન કહતે હૈ,
મગર તુફાનો સે ટકરાયે ઉસે જય કહતે હૈ.

જયે છ વર્ષની કુમળી વયમાં સાત-સાત સર્જરી કરાવી છે. ન હાથ ચાલે, ન પગ ચાલે, બોલવામાં પણ તકલીફ પડે. શરીર ભલે સાથ નહોતું આપતું પણ જયના મનમાં જયજયકારના વિચારોના શ્રીગણેશ થઇ ગયા હતા. માણસ શું ન કરી શકે? ધારે તે કરી શકે તેનું જીવતું જાગતું પરિણામ એલે જય, હીનાબહેન, દીપકભાઇ, રવિ અને રવિના વાઇફ!

સેરેબ્રલ પાલ્સી જેવા રોગ સામે ઝઝૂમીને જયે જીવનને હળવી શૈલીમાં અપનાવીને આજે તો વિશ્વનો લીટલ લાફટર બની ગયો છે. સતત ૧૮ વર્ષ સુધી વ્હીલચેરમાં જીવન પસાર કર્યા બાદ જય સ્ટીકથી ચાલતો થયો. જો કે આ બધું માતાપિતાના સમર્પણ વિના શક્ય ન જ બને. પિતા દીપકભાઇ જયને સ્નાન કરાવે, કપડાં-શૂઝ પહેરાવે, અરે જમાડે! અને સપોર્ટ આપતાં આપતાં તેને લઇ જાય!

હાસ્ય વિશે જય છનીયારાની પંક્તિઓ કેટલી પ્રેરક અને હાસ્યવેરતી અનુભૂતિ કરાવે છે.

● સારાં જહાં હૈ ઉસકા, જો મુસ્કુરાના શીખલે,
રોશની ઉસીકી હૈ જો દીયા જલાના શીખલે...

જયનો એક જોક તેના વ્યક્તિત્વ માટે પુરતો છે : યમરાજ સિંહાસન ઉપર બેઠા હતા. યમરાજ દ્વાર ખોલવા સિંહાસન ઉપર બેઠા હતા ત્યાંથી ઊભા થયા, દરવાજો ખોલ્યો તો એક સજ્જન ઊભા હતા. યમરાજ કંઇ કહે તે પહેલાં ચાલ્યા ગયા. યમરાજ પાછા સિંહાસન ઉપર બેઠાં. પાછો દરવાજો ખખડયો. યમરાજ સિંહસાન ઉપરથી દરવાજા પાસે ગયા અને દરવાજો ખોલ્યો તો પે'લા સજ્જન ઊભા હતા, યમરાજે પુછ્યું, શા માટે તમે આવજા કરો છો? સજ્જને કહ્યું, હું પૃથ્વી ઉપર હોસ્પિટલમાં વેન્ટીલેટર ઉપર છું. હું મરીને અહીં આવું તો એ લોકો ટ્રીટમેન્ટ કરીને સાજો કરી દે છે, એટલે ચાલ્યો જાઉં છું...!

પરમ્ સાંઇ ભક્ત જય કહે છે કે, હું સાંઇબાબાની કૃપાને હંમેશા યાદ રાખું છું. જયના પિતા દીપકભાઇ કહે છે કે, 'અમારા પરિવારે ક્યારેક કલ્પના સુદ્ધાં નહોત કરી એવી ઊંચાઇ જય પ્રાપ્ત કરી ચુક્યો છે. અમે માનીએ છીએ કે અમારી ઓળખ જય થકી જ છે. આજે જયના કોમેડી શો દેશભરમાં થઇ રહ્યાં છે. શૉ એરેન્જડ કરવા, આવવા-જવાની ટિકીટનું બુકીંગ કરાવવું, પાસપોર્ટની પ્રોસેસ કરવી, વેબસાઇટ અપડેટ કરવી, આ બધુંસારો મોટો પુત્ર રવિ સંભાળે છે. જો કે હવે રવિના પત્ની શ્રદ્ધા પણ સાથે જોડાયાં છે.'

આઠ વર્ષની વયે ૭૫૦ જેટલા કલાકારો માટે મુંબઇની 'માર્શલ' કંપની દ્વારા હરિફાઇ યોજવામાં આવી હતી. વિશાળ મેદાનમાં ઉપસ્થિત એક લાખની જનમેદનીએ સમર્થન આપ્યું અને જય વિનર બન્યો અને તેનું નામ સર્વત્ર જાણીતું બની ગયું. પછી તો તેની વિજય હરણફાળ અવિરત આગળ વધતી ગઇ. કપિલ શર્મા, સચિન તેંડુલકર, લતા મંગેશકર, અક્ષયકુમાર, વ. જેવી અનેક સેલીબ્રીટીઝ સાથે જયનું મિલન શક્ય બન્યું છે અને અભિનંદનની વૃષ્ટિ પણ થઇ છે. સ્ટાર ક્રિકેટર નવજોત સિદ્ધુએ તો જયની સિક્સ સેન્સને સિકસર ગણાવી છે. ધ ગ્રેટ ઈન્ડિયન લાફટર ચેલેંજ અને સ્ટાર ન્યુઝ દ્વારા જય છનીયારાએ કરોડોને ખડખડાટ હસાવ્યા હતા. દેશના સૌથી નાના વિકલાંગ (માત્ર શરીરથી) કલાકાર જયની હાસ્યકળાએ સચિન તેંડુલકરના હૃદય તાર પણ ઝણઝણાવ્યા હતા.

જયને સહાનુભૂતિ બતાવવાની કોઇ જરૂર નથી. જો કે, જયની પ્રતિભાને, કળાને બિરદાવવાની જરૂર છે. અત્યારે હું જયને ઉપયોગી હળવી શૈલીની પેરોડી, હઝલ, મા, દીકરી, દીકરો, પિતા, લોકગીતો, હાસ્ય નાટકો વ. વિષયોનું લેખન-સંકલન કરી રહ્યો છું.

જય સફળતાની ટોચ સુધી પહોંચે તે માટે ગઝલકાર ચિનુ મોદી શેર કાફી છે.

● સિદ્ધિ મળી જયાં એક, ત્યાં લાખો દિશા ખુળી;
કોને ખબર કે કયાં સુધી મારો વિકાસ છે?

બ્રેવો, જય, થાઉઝંડઝ આલિંગન તને, આખું જગત તારા પર કુરબાન છે ભાઇ, કયા બાત હૈં? જયને રૂબરૂ મળી શકાય છે. સરનામું છે...

જય દીપકભાઇ છનીયારા, એએ-૨૪, શાસ્ત્રીનગર, રાજકોટ, (ગુજરાત - ઈન્ડિયા), મો. ન. ૯૮૭૯૫૫૧૩૨૫

# પછડાટ, પીછેહઠ અને પુનરાવર્તન

## વિચારયાત્રા

- ડો. જય ઓઝા

કોઈ પણ વ્યક્તિની સફળતા કેટલી નક્કર છે એનો આધાર એણે કેટલી નિષ્ફળતાઓ પચાવી છે તેના પર છે. ધંધારોજગારથી માંડીને અંગત વ્યવહારો તથા સંબંધોની દુનિયામાં માણસે ધાર્યું શું હોય અને એનો અંજામ કેવો આવ્યો હોય એનાં અગણિત ઉદાહરણો સમાજમાં આસપાસ નજર નાખવાથી તરત જ મળી જાય. તેજીમાં સડસડાટ ચાલતો કાફલો મંદીની આંધીમાં વેરવિખેર થઈ જાય કે પછી આજીવન સાથ નિભાવવાનાં વચનોની આપલે થયા પછી અણધારી તિરાડો પડે ત્યારે શાણો માણસ આગળ વધવાને બદલે બે ડગલાં પાછળ જવામાં ડહાપણ સમજે છે.

ભાવિ વિશેની ગણતરી ખોટી પડી રહી છે એવું લાગે ત્યારે આખેઆખો દાખલો ખોટો પડે ત્યાં સુધી રાહ ન જોવાય. પૂરેપૂરાં દસ પગથિયાં ગણી લીધા પછી ખોટો જવાબ મળે અને નવેસરથી ગણવાની શરૂઆત કરીએ એના કરતાં બહેતર છે કે બીજા, ત્રીજા કે સાતમા પગથિયે જ જો ભૂલનો અહેસાસ થઈ જાય તો આગળ વધવાનું અટકાવીને, ફરી પાછા જઈને, નવેસરથી દાખલો માંડીએ. આગળ વધવાના વધુ રસ્તાઓ ખૂલે એ માટે ક્યારેક પીછેહઠ કરવી જરૂરી હોય છે.

પીછેહઠ કરીને નવેસરથી શરૂઆત ક્યારે કરવી અને ક્યારે ખરાબ પરિસ્થિતિ સામે હજુય ઝઝૂમ્યા કરવું એ નક્કી કરવું પડે. ધંધામાં કે કોઈ પ્રોજેક્ટમાં ખોટ આવ્યા પછી વધુ ખોટ સહન કરીને પણ એ જ કામને વળગી રહેવામાં દરેક વખતે શાણપણ નથી. ક્યારેક થઈ ચૂકેલી ખોટને ત્યાં જ અટકાવી કોઈક નવી દિશા શોધવી પડે તો ક્યારેક થોડો વધુ સમય ખોટ સહન કરીને, ઘા ભેગો લસરકો વિચારીને, થોડાક ગાળા માટે ટકી જવાથી ભૂતકાળની તમામ ખોટનું અનેકગણું વળતર મળી જાય એવું પણ બને. ધંધામાં અને અંગત સંબંધોમાં પણ આ વાત એટલી જ સાચી.

**ભૂલ નિષ્ફળ જવામાં નથી હોતી, નિષ્ક્રિય રહેવામાં હોય છે, કશું જ કર્યા વગર બેસી રહેવાથી આભાસી સલામતી મળી શકે, ક્યારેક નિષ્ફળ નહીં જઈએ એવી ભ્રમણા જન્માવતી સલામતી**

પછડાટો અને પીછેહઠો મર્દાનગીની મેન્ટાલિટીવાળાઓ માટે નામોશીભરી નથી હોતી. જે સાહસિક છે, તમન્નાવાળા છે, એમના જ જીવનમાં એ આવે છે. ભીરુ વ્યક્તિઓના જીવનમાં ક્યારેય કોઈ પ્રકારની નિષ્ફળતા જોવા નહીં મળે - તેઓએ નિષ્ફળતાના ભયથી ક્યારેય સાહસ કર્યું જ નથી હોતું. એમનું આયુષ્ય પૂરું થાય છે ત્યારે તેઓ મામૂલી સુખો અને એવાં જ મામૂલી દુઃખોથી ભરેલી મીડિયોકર જિંદગી જીવી ચૂક્યા હોય છે. પોતાની આસપાસના જગતમાં કે વિશ્રમાં તેઓ કોઈ પ્રકારનો ઉમેરો કરી શક્યા હોતા નથી. એમણે જગત પાસેથી માત્ર લીધું જ હોય છે, આપ્યું કશું નથી હોતું.

પછડાટ અને પીછેહઠ પછી જે તબક્કો આવે છે તે પુનરાગમનનો, ફરી પાછા મેદાનમાં આવવાનો. જે ભૂલોને કારણે પછડાટ ખાવી પડી તે ભૂલો ફરીથી નહીં કરવાની સમજણશક્તિનો, સંકલ્પશક્તિનો. થશે તો બીજી નવી ભૂલો થશે, પણ જૂનીનું પુનરાવર્તન નહીં થાય એવી સાહસિકતાનો તબક્કો શરૂ થાય છે ત્યારે માણસ પાસે પાછળ જોયા કરવાનો સમય નથી હોતો. એક ઝડપી નજર ફેરવીને ભૂતકાળની ભૂલો તરફ જોઈ લેવું પૂરતું રહ્યું છે. ભૂતકાળને કોસ્યા કરવાનો કોઈ અર્થ નથી. આવું થયું હોત તો આમ થઈ જાત એવા નિસાસા માત્ર નપુંસકો જ નાખે. ખરું પુરુષાતન એમાં છે કે ઢોળાઈ ગયેલા દૂધ પર આંસુ સારીને બેસી રહેવાને બદલે હવે શું કરવું છે તેની યોજના બનાવીને એનો અમલ કરવામાં ઓતપ્રોત થઈ જઈએ.

આવું કરવામાં એક મોટી તકલીફ છે આપણી આસપાસના જ માણસોની માનસિકતા. દૂધ દાઝ્યા પછી છાશ પણ ફૂંકી ફૂંકીને પીવાની માનસિકતા ધરાવતા લોકો તમને ડરાવે છે, નાહિંમત કરે છે - એવું કહીને કે એક વખત નિષ્ફળ ગયા, એક ભૂલ કરી, ફરી વાર એવું કરશો તો મૂરખ ગણાશો.

ભૂલ નિષ્ફળ જવામાં નથી, નિષ્ક્રિય રહેવામાં છે. કશું જ કર્યા વગર બેસી રહેવાથી આભાસી સલામતી મળી જાય છે, ક્યારેય નિષ્ફળ નહીં જઈએ એવી ભ્રમણા જન્માવતી સલામતી.

પછડાટ ખાધા પછી ફરી ભા થવામાં નિષ્ફળતા મળે એવી શક્યતા ખરી. પણ પછડાટ ખાધા પછી ફરી ભા થવાનો પ્રયત્ન જ ન કરવામાં સો ટકા નિષ્ફળતા સમાયેલી છે.

ફરી પ્રયાસ નહીં કરવાની માનસિકતા પાછળ કોઈ શું કહેશે-ની ચિંતા હોય છે. ફરીથી પ્રયત્ન કર્યા પછી ફરીથી નિષ્ફળ જવાય તો ઘા સહન કરવા પડે તે માટેની સહનશક્તિ માણસ કેળવી શકે પણ એ ઘા પર મીઠું ભભરાવનારાઓ સાથે કેવી રીતે કામ પાડી શકાશે એનો ભય એને વધારે કોરી ખાય.

નિર્ભય બનવા માણસે શોધવું પડે કે ભય શેનો લાગે છે, કોનો લાગે છે. કોઈ શું કહેશેના ભયથી માંડીને કોઈ શું કરી બેસશે સુધીના અસંખ્ય ભય વચ્ચે માણસ જીવે છે. આ દરેક ભયને ઓળખ્યા પછી એનો સામનો કરવાની તૈયારી હોય તો જ એનો ખાતમો થાય. ભયથી મોઢું ફેરવી લેવાથી ભય નાબૂદ નહીં થાય.

નિર્ભય હન્યા પછી જ પુનરાગમન શક્ય બને અને પુનરાગમન થાય તો જ પછડાટ પછીની પીછેહઠનો અર્થ સરે. આ નિર્ભયતા એટલે સૂમસામ જંગલમાં સિંહ સામે લડવાની નિર્ભયતા નહીં, કે અંધારા ઓરડામાં જઈને લાઈટ સ્વિચ ઑન કરવાની નિર્ભયતા પણ નહીં. આ નિર્ભયતા એટલે માનસિક શૂરવીરતા જેના બોલ સતત મનમાં સંભળાતા હોય :

હરિનો મારગ છે શૂરાનો, નહીં કાયરનું કામ જો ને;
પરથમ પહેલું મસ્તક મૂકી, વળતા લેવું નામ જોને.
પ્રેમપંથની પાવક જવાળા, ભાળી પાછા ભાગે જો ને;
માંહી પડ્યા તે મહા સુખ માણે, દેખનહારા દાઝે જો ને.
અને પ્રીતમના આ ભજનની બેસ્ટ પંક્તિ કઈ છે?
તીરે ભા જુએ તમાસો,
તે કોડી નવ પામે જો ને!